અપીલ અરજી નં.૨૭૭ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઈશ્વરભાઈ જી. પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈશ્વરભાઈ જી. પટેલની તા. ૪–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે તા.૨૪–૬–૧૧ના રોજ આરટીઆઈની અરજી કરેલ જેનો જવાબ આપ સાહેબશ્રીની કચેરી ધ્વારા ટીડીઓ/૧૪૯ તા.૧૪–૭–૧૧ જે અમો અરજદારને તા.૧૯–૭–૧૧ના રોજ મળેલ જેમાં આપ સાહેબશ્રીએ જણાવેલ છે કે પ્રશ્નવાળી મિલ્કતમાં જી.ડી.સી.આરની જોગવાઈમુજબ જરૂરી પ્રિમીયમ લઈ ટેમ્પરરી સ્ટ્રકચર (સાઈટ ઓફિસ)ની પરવાનગી આપવામાં આવેલ છે તો જી.ડી.સી.આરની કઈ જોગવાઈ મુજબ આપેલ છે તેની માહિતી આપો અને જી.ડી.સી.આરના કાયદાના પ્રસ્થાપિત નિયત/કલમની નકલ આપો તેમજ જોગવાઈ મુજબ કેટલુ પ્રિમીયમ લેવામાં આવેલ છે તેની માહિતી આપો અને તે પ્રિમીયમ કેવી રીતે અને કોણે ભરપાઈ કરેલ છે તેની માહિતી આપો તે પ્રિમીયમ ભરપાઈ કરેલ છે તેની રસીદની નકલ આપો તેમજ તે પ્રિમીયમ લઈને ટેમ્પરરી સ્ટ્રકચર ( સાઈટ ઓફિસ)ની પરવાનગીવાળી હુકમની નકલ આપો વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૭/૨૦૧૧–૧૨

શ્રી ઈશ્વરભાઈ જી. પટેલની તા. ૪–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે તા.૨૪–૬–૧૧ના રોજ આરટીઆઈની અરજી કરેલ જેનો જવાબ આપ સાહેબશ્રીની કચેરી ધ્વારા ટીડીઓ/૧૪૯ તા.૧૪–૭–૧૧ જે અમો અરજદારને તા. ૧૯–૭–૧૧ના રોજ મળેલ જેમાં આપ સાહેબશ્રીએ જણાવેલ છે કે પ્રશ્નવાળી મિલ્કતમાં જી.ડી.સી.આરની જોગવાઈ મુજબ જરૂરી પ્રિમીયમ લઈ ટેમ્પરરી સ્ટ્રકચર (સાઈટ ઓફિસ)ની પરવાનગી આપવામાં આવેલ છે તો જી.ડી.સી.આરની કઈ જોગવાઈ મુજબ આપેલ છે તેની માહિતી આપો અને જી.ડી.સી.આરના કાયદાના પ્રસ્થાપિત નિયત/કલમની નકલ આપો તેમજ જોગવાઈ મુજબ કેટલુ પ્રિમીયમ લેવામાં આવેલ છે તેની માહિતી આપો અને તે પ્રિમીયમ કેવી રીતે અને કોણે ભરપાઈ કરેલ છે તેની માહિતી આપો અને તે પ્રિમીયમ ભરપાઈ કરેલ છે તેની રસીદની નકલ આપો તેમજ તે પ્રિમીયમ લઈને ટેમ્પરરી સ્ટ્રકચર( સાઈટ ઓફિસ)ની પરવાનગીવાળી હુકમની નકલ આપો વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે ડે.કમિ(પી.એન્ડ.ડી)અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ/૨૨૦ તા.૩૦–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા પ્રિમિયમ અંગે જાહેર સત્તામંડળ પાસે રસીદ હોવાનું અનુમાનિત હોઈ દફતરી વિગત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૧ તા.૩૦–૯–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગતો રજુ કરવા તથા તેમની અપીલમાનાં ખોટી સહીના દાવા અંગે આધાર સહ વિગત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૫–૧૦–૧૧ ના રોજ પૂરક પત્ર, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૨૨૦ તા.૩૦–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૨૦ તા.૩૦–૮–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) અમો અરજદારે તા.૨૪–૬–૧૧ના રોજ આરટીઆઈની અરજી કરેલ જેનો જવાબ આપ સાહેબશ્રીની કચેરી ધ્વારા ટીડીઓ/૧૪૯ તા.૧૪–૭–૧૧ જે અમો અરજદારને તા. ૧૯–૭–૧૧ના રોજ મળેલ જેમાં આપ સાહેબશ્રીએ જણાવેલ છે કે પ્રશ્નવાળી મિલ્કતમાં જી.ડી.સી.આરની જોગવાઈ મુજબ જરૂરી પ્રિમીયમ લઈ ટેમ્પરરી સ્ટ્રકચર (સાઈટ ઓફિસ)ની પરવાનગી આપવામાં આવેલ છે તો

જી.ડી.સી.આરની કઈ જોગવાઈ મુજબ આપેલ છે તેની માહિતી આપો અને જી.ડી.સી.આરના કાયદાના પ્રસ્થાપિત નિયત/કલમની નકલ આપો તેમજ જોગવાઈ મુજબ કેટલુ પ્રિમીયમ લેવામાં આવેલ છે તેની માહિતી આપો અને તે પ્રિમીયમ કેવી રીતે અને કોણે ભરપાઈ કરેલ છે તેની માહિતી આપો અને તે પ્રિમીયમ ભરપાઈ કરેલ છે તેની રસીદની નકલ આપો તેમજ તે પ્રિમીયમ લઈને ટેમ્પરરી સ્ટ્રકચર( સાઈટ ઓફિસ)ની પરવાનગીવાળી હુકમની નકલ આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જીડીસીઆર ના કલોઝ નં.૧૬.૨૧ તથા ૧૬.૨૨ માં ટેમ્પરરી સ્ટ્રકચર બાબતની જોગવાઈ થયેલ છે જેની નકલ મેળવવા માટે રૂા.૨/– શહેર વિકાસ કચેરીમાં જમા કરાવ્યેથી મળી શકશે. આ કેસમાં ત્રણ કેસ મળી કુલ રૂા.૧૬૯૦૦/– પ્રીમીયમ તરીકે રસીદ નં.૩૯૫૧૦૫, ૩૯૫૧૦૬ તથા ૩૯૫૧૦૭ થી જમા લીધા છે. આ પ્રીમીયમ રોકડેથી અરજદારે ભરપાઈ કરેલ છે. સદર પ્રીમીયમની રસીદ દફતર પર નથી તેમજ પરવાનગીની નકલ મેળવવા રજાચિઠ્ઠીની નકલના રૂા.૬/– તથા પ્લાનની નકલના રૂા.૯૦/– મળી કુલ રૂા.૯૬/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) તેમજ રજૂ થયેલ પ્લાનમાં કોણ કોણ વ્યકિતની સહી કરી શકે તેની માહિતી આપો અને જે પ્લાન આપ સાહેબશ્રીએ મંજુર કરેલ છે તે પ્લાનમાં કોણે કોણે સહી કરેલ છે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રજૂ કરેલ પ્લાનમાં અરજદાર તથા આર્કી. ની સહી જરૂરી છે જે પ્લાનોને શહેર વિકાસ કચેરીએ મંજુરી આપેલ છે તેમાં અરજદાર અને આર્કી. ની સહી થયેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે ગોળ ગોળ જવાબ આપેલ છે તેથી તેવી માહિતી સાથે સંમત નથી તેમજ પ્રીમીયમની રસીદની ડુપ્લીકેટ કોપી સુરત મહાનગપાલિકા પાસે ન હોય તેવું બને નહીં. તેવી રજૂઆત અરજદારે તેમના તા.૧૫–૧૦–૧૧ ના પત્રમાં પણ કરેલ છે. અને રસીદની નકલ આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. જેથી અરજદારને પૂરી પાડેલ રસીદ મેન્યુઅલ હોય તો તેને આનુષાંગિક રજીસ્ટર અને જો કોમ્પ્યુટર ઉપર હોય તેવી માહિતી હોય તો તેના ભરણા રીપોર્ટની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી લાગત આનુષાંગિક રેકર્ડ ઉપરનું ઈન્સ્પેકશન પુરું પાડવાનું રહે તથા પ્લાનમાં અરજદાર અને આર્કી.એ સહી કરી મંજુર થાય ત્યારે અરજદાર પાસે પુરાવા છે કે પ્લાનમાં કરેલ સહી ખોટી છે તેમજ તે સહી ત્રાહિત વ્યકિત ધ્વારા કરવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે માહિતી દફતરી વિગતે જાહેર માહિતી અધિકારીએ આપેલ છે તે સામે અરજદારની ખોટી સહીની રજૂઆત તકરારી બાબત ગણાય. જે માટે તકરાર નિવારણ હેઠળ સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે. જયારે અરજદારે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પણ તે બાબતે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગતે રસીદની નકલ સિવાય પૂરી પડાયેલ છે. જે જાહેર માહિતી અધિકારીના અરજદારને કરેલ પ્રસ્તાવમાં જણાવ્યા અનુસારના નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. વધુમાં પ્રીમીયમની રસીદ અંગે પ્રિમિયમ ભરપાઈની નોંધ થતી હોય તેવા રજીસ્ટર ફાઈલ કે દફતરની તપાસણી કરી અરજદાર માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારીનો ઓફિસ કામકાજ દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી તપાસણી કરી આપેલ માહિતીની ખરાઈ કરી શકે છે. અરજદારની અપીલમાં પ્લાનમાં કરેલી સહી ખોટી છે તેમજ તે સહી ત્રાહિત વ્યકિત ધ્વારા કરવામાં આવેલ છે જે બાબત તકરાર નિવારણને લગતી હોય સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈશ્વરભાઈ જી. પટેલ,